Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# ભારતિય ગ્રંથાલય વિકાસ – પ્રાચીન સમય, મધ્યકાલિન સમય, આધુનિક સમય (આઝાદી પ્રાપ્તિ પહેલા અને પછીનો સમય)

**Dr. Jignesh Makwana**
Assistant Professor, PG Department of Library & Information Science, Sardar Patel University, Vallabh Vidyanagar, Dist: Anand Gujarat, PIN: 388120, Phone: 02692 226880
Cell: +91 99243 37391

સાર : **(Abstract)**

જીવન એક એવી પ્રક્રિયા છે કે જે સતત આગળ વધવાની પ્રેરણા પૂરી પાડતું રહે છે અને તેનું કારણ છે મનુષ્યની જીજ્ઞાસાવૃત્તિ. જો કે મનુષ્યની જીજ્ઞાસાની પૂર્તિ માટે કોઇ ને કોઇ સંસ્થા અને તેના સંશાધનો મદદરૂપ થતા હોય છે. પ્રાચિન સમયની તુલનામાં વર્તમાન સમય વિવિધતા અને અચરજથી ભરેલો છે. વર્તમાન યુગ S & T નો છે. ગ્રંથાલય ક્ષેત્ર અને વ્યવસાય પણ આ જ સમૂહમાં આવે છે કારણ મનુષ્ય હમેંશા પરિવર્તન ઝંખે છે.

જ્યાં સુધી આજના અને ભવિષ્યના ગ્રંથાલયોના સંબંધની વાત છે તો કહી શકાય કે, પરંપરાગત પુસ્તકાલય એ સમાજની પ્રાથમિક અને મૂળભૂત જરૂરિયાત છે પરંતુ તે અપૂરતી અથવા અપૂર્ણ છે. અને તેને પૂર્ણ કરી શકીએ? જવાબ "હા" છે ડિજિટલ લાઇબ્રેરી (વિજ્ઞાન અને તકનીકી) ની સહાયથી, તેની વિશ્વસનીયતા, અધિકૃતતા અને સુરક્ષા, તેની મર્યાદાઓને ધ્યાનમાં રાખીને તેને પૂર્ણ કરી શકાય છે.

પ્રસ્તુત વિષયમાં એટલેજ ભારતિય ગ્રંથાલય વિકાસ – પ્રાચીન સમય, મધ્યકાલિન સમય, આધુનિક સમય, આઝાદી પ્રાપ્તિ પહેલા અને પછીનો સમય આવરી લેવામાં આવ્યો છે.

ચાવીરૂપ શબ્દો : **(Keywords)**

ગ્રંથાલય વિકાસ, પ્રાચીન સમય, મધ્યકાલિન સમય, આધુનિક સમય, પંચવર્ષિય યોજના, ગ્રંથાલય સેવા

પ્રસ્તાવના : **(Introduction)**

અભ્યાસ નતો ચર્ચા ને તોડી પાડવા અથવા નતો અસત્ય ને સાબિત કરવા કે ન તો વિશ્વાસ કરી વાત માની લેવા માટે કરો, નતો વાતચિત કે વિવાદ કરવા માટે કરો, પરંતુ અભ્યાસ તથ્ય મેળવવા અને મનન કરવા માટે કરો. આ અભ્યાસ માટેનું મુખ્ય અને દરેક વર્ગ માટેનું કેન્દ્ર ગ્રંથાલય છે. તેથી જ ગ્રંથાલયો ની વ્યવસ્થા વૈજ્ઞાનિક રીતે તેમજ ગ્રંથાલય પ્રવૃતિને ગતિશીલ બનાવવી એ આવશ્યક અને અનિવાર્ય છે.

ગ્રંથાલય આ શબ્દ હાલ ખુબજ જુનો ગણાવી શકાય કારણકે માહિતી કેન્દ્રો, માહિતી પૃથ્થકરણ કેન્દ્રો, માહિતી ક્યાંથી પ્રાપ્ત થશે તે તરફ આંગૂલિનિર્દેશ કરતા કેન્દ્રોનો વિકાસ ખુબજ ઝડપથી થઇ રહ્યો છે.

ગ્રંથાલયો ગ્રંથ અને અગ્રંથ સામગ્રીઓના માધ્યમ દ્વારા જ્ઞાન વિતરણ અને જ્ઞાન વિશ્વની ક્ષિતિજો વિસ્તારવાનું મહત્વનું કાર્ય કરે છે. ગ્રંથાલયનો ઉદ્‌ભવ અને વિકાસ નોધવા લાયક છે. પરંતુ આ ગ્રંથાલય અને તેની પ્રવૃત્તિ જરૂરી છે? તો આ પ્રશ્નનો જવાબ સ્પષ્ટ છે કે

માનવી જીજ્ઞાસુ પ્રાણી છે. પરિણામે તે હમેંશા નિત નવિન પ્રવાહોથી જાણકાર રહેવા મથામણ કરે છે અને તેમની આ વૃત્તિ જ ગ્રંથાલયના વિકાસનું કારણ છે એટલે જ તેનો તબક્કાવાર વિકાસ જાણવો મહત્વનો ગણાવી શકાય છે.

અર્થ અને વ્યાખ્યા : **(Meaning and Definition)**

પુસ્તક + આલય, આમ પુસ્તકાલય એટલે પુસ્તકો રાખવાનું મકાન. જો કે આ અર્થ વ્યાકરણની દ્રષ્ટિએ કહી શકાય.

ગ્રંથાલય એ સ્થાનને કહેવામાં આવે છે કે જ્યાં વાંચન સામગ્રી હોય જેમ કે,

પુસ્તકો, પત્ર પત્રિકાઓ, હસ્તપ્રતો, નકશાઓ, ગ્રામોફોન રેકોર્ડસ, સ્લાઈડ્સ, ફિલ્મો, ફ્લોપી, સી.ડી, ડિ.વિ.ડી અને અન્ય વાંચન સામગ્રીનો સંગ્રહ.

- હિન્દી વિશ્વકોશ

છાપેલ કે હાથે લખેલ સામગ્રીના એ સંગ્રહ ને ગ્રંથાલય કહેવાય છે કે જ્યાં શિક્ષણ વાંચન કે બંન્નેના ઉદ્દેશ્ય માટે તેને સંગઠિત કે વ્યવસ્થિત ક્રમમાં ગોઠવવામાં આવેલ હોય.

- બ્રિટાનિકા વિશ્વકોશ

ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિ : **(Indian Library Activities)**

પ્રાચિન સમયથી જ દ્રષ્ટિપાત કરતા જણાય છે કે પ્રાચિન સમયમાં લખવા માટેની સામગ્રીનો અભાવ હોવા છતાં વિદ્વાનો અને રૂષિમુનીઓએ અનેક ગ્રંથો એક યા બિજા સ્વરૂપે રચ્યા હતા તેમજ તે સમયમાં મંદિરો અને મઠોમાં ગ્રંથો રાખવામાં આવતા. ખાસ કરીને તક્ષશીલા, વિક્રમશીલા, નાલંદા, વલ્લભીપુર, ચાલુક્ય જેવી વિદ્યાપીઠો હતી અને તેમાં વિદ્યાભ્યાસ માટેના વિશાળ ગ્રંથો હતા. પ્રાચિન સમયમાં ગ્રંથાલય શબ્દ નહી પરંતુ ધર્મગંજ, જ્ઞાનભંડાર, સરસ્વતી ભંડાર, ગ્રંથ કુટિ, કિતાબખાના, વિદ્યાશાલા વગેરે નામ પ્રચલિત હતા.

ભારતની ગ્રંથાલય પ્રવૃત્તિને મુખ્ય ભાગોમાં વિભાજીત કરીએ તો,

ભારત – પ્રાચિન સમય : (**India – Ancient Period**)

ભારતમાં ગ્રંથાલયોનું અસ્તીત્વ પ્રાચીન સમયથી રહેલ છે જે સિન્ધુ નદીની ઘાટીની સભ્યતાના ઇતિહાસ સાથે જોડાયેલ છે. ધર્મશાસ્ત્ર નામના ગ્રંથમાં શબ્દોનો પ્રયોગ કરવામાં આવેલ છે જે પરથી સ્પષ્ટ થાય છે કે એ સમયમાં ગ્રંથોનું કોઇને કોઇ સ્વરૂપ ચોક્કસ રૂપે હતું.

સમ્રાટ અશોકના સમયમાં વિદ્વાનો નો એક સમુહ તેના રાજ્યમાં હતો જેનું કાર્ય અધ્યયન અને અધ્યાપન તેમજ ઉપદેશ આપવાનું હતું. જે સમયે બ્રાહ્મી લિપિનો ઉપયોગ થતો હતો. ચીની યાત્રી હ્યુએન સાંગ (645 ઇ.સ. પૂર્વે) એ પણ પોતાના લેખમાં ભારતના પ્રાચિન ગ્રંથાલયોની બાબતનો ઉલ્લેખ કરેલ છે. 475-775 ઇ.સ. પૂર્વેમાં મેઢક રાજ્યમાં પ્રસિધ્ધ વલ્લભી ગ્રંથાલય, ૭૬૯-૮૨૭ ઈ.સ. પૂર્વેમાં બંગાળમાં બહાદુરનું પ્રસિદ્ધ ગ્રંથાલય, દક્ષીણ ભારતમાં નાગાર્જુન વિદ્યાપીઠનું પ્રસિદ્ધ ગ્રંથાલય, ૮મી શતાબ્દીમાં ભાગલપુર નજીક ઓદાનપુરી વિશ્વવિદ્યાલય પ્રખ્યાત રહેલ, જેમનું પોતાનું વિશાળ ગ્રંથાલય જે મગધ રાજા મહીપાલ દ્વારા વિકસીત કરવામાં આવેલ**.**

પ્રાચિન સમયના સંદર્ભમાં આપણા દેશમાં તથા અન્ય દેશમાં અને ખાસ કરીને ઇજીપ્ત, ગ્રીસ, બેબિલોનિયા અને એસ્સીરીઆ વગેરે દેશોમાં પ્રખ્યાત ગ્રંથાલયો હતાં. ઇ.સ. પૂર્વે પાંચમી

અને છઠ્ઠી સદીમાં યુરીપીડીસ, એરિસ્ટોટલ, પ્લેટોનાં વ્યક્તિગત ગ્રંથાલયો હતાં. ઇજીપ્તમાં સૌથી મોટું ગ્રંથાલય એલેકઝાન્ડ્રિયામાં હતું. ઇ.સ. પૂર્વે 300માં અસ્તીત્વ ધરાવતું દુનિયાનું આ ગ્રંથાલય ખુબજ સમૃદ્ધ હતું. આ ગ્રંથાલયમાં ૭ લાખ જુદા જુદા પ્રકારનો ગ્રંથો, કવિ કેલિમેક્સ આ ગ્રંથાલય ના ગ્રંથપાલ હતા. તેના દ્વારા સુચિ તૈયાર કરવામાં આવેલ તેમજ વર્ગીકરણ પદ્ધતિ અપનાવેલ. આ ગ્રંથાલયમાં ખગોળ શાસ્ત્રી અને ગણિતશાસ્ત્રીઓ કામ કરતા હતાં. ઇ.સ. પૂર્વે સાતમી સદીમાં અસ્સુરબેનીપાલના એસ્સીરીયામાં નિનવેહ શહેરમાં ખુબજ પ્રખ્યાત ગ્રંથાલય હતું. પ્રાચિન મૈસોપોટામીયા જે આધુનિક ઇરાકનો ભાગ છે કે જ્યાં માટીની પટ્ટી પર લખેલ સંગ્રહના ગ્રંથાલયોની સ્થાપના કરેલ જે સીરિયા અને ટર્કીમાં પણ આ પ્રકારના ગ્રંથાલયો હતા તેનું પ્રમાણ મળે છે.

ઉપરોક્ત સમયમાં ઇજીપ્તવાસી લોકો પેપાયરસ પર લખાણ કરતા હતાં. જે એક પ્રકારની વનસ્પતિ હતી અને નીલ નદીની આસપાસ મળી આવતી. શોધખોળ દરમ્યાન પેપાયરસ પર લખેલી સમગ્રી મળી આવેલ છે. ઇજીપ્ત, યુનાન અને રોમના પ્રાચિન ગ્રંથાલયોનો સંગ્રહ પેપાયરસની પટ્ટીઓનો જ હતો. જો કે પ્રાચિન કાળમાં પેપાયરસના અભાવમાં વિધ્વાનોએ ચામડાનો પ્રયોગ લખવા માટે કરેલો. મતલબ કે જાનવરોની ચામડીનો પ્રયોગ, મૃતક સાગર કીનારે રહેલ ગુફાઓમાં આવી ચામડાની પટ્ટીના પુસ્તકો પ્રાપ્ત થયેલા.

ભારતમાં વેદકાલિન સંસ્કૃતિ પછી પણ પ્રાચિન ગ્રંથાલયો અસ્તિત્વ ધરાવતા હતાં, જે દુનિયાભરમાં ખ્યાતિ પ્રાપ્ત હતા. જો કે બોદ્ધકાળ અને મોગલકાળ પણ પ્રાચિન સમય સાથે જોડાયેલ છે. અહી મુખ્યત્વે સ્મૃતિગ્રંથાલય, નાલંદા, વિક્રમશીલા, વલ્લભી, ચાલુક્ય, તક્ષશીલા, ભોજ ગ્રંથાલયનો સમાવેશ થાય છે.

ભારત – મધ્યકાલિન સમય : (**India – Medieval Period**)

પશ્ચિમી રોમન સામ્રાજ્યના પતન પછી મધ્યકાલિન યુગનો પ્રારંભ થયો. આમ તો મધ્યકાલિન સમય એટલે કે 14મી સદી થી 16મી સદીનો સમયગાળો. જેમાં મુસ્લીમ રાજાઓ, મોગલ શાસકો, દક્ષિણ ભારતના હિન્દુ રાજાઓ ગ્રંથાલય સાથે સંકળાયેલ હતા.

મધ્યકાલિન યુગમાં જ્ઞાન આપવાની પરંપરા તુટી અને ઉચ્ચ ધોરણ જાળવતી સંસ્કૃતિ સમય જતા લય પામી, સમાજ વ્યવસ્થામાં પણ પરિવર્તન આવ્યું. સમાજ વહેમ, અંધશ્રધ્ધા, અંધકારમાં ફસાયો, જેમાંથી બહાર આવવા માટે વર્ષો સુધી રાહ જોવી પડી. સુધારાના યુગ અને પુન: રચનાના યુગ સાથે મધ્યકાલિન યુગના સમાજમાં ફરી એક વખત પરિવર્તન આવ્યું. ઔદ્યોગિક ક્રાંતિ અને નવી શોધો વગેરેને લીધે લોકો પણ નવું જાણવા માટે, માહિતી મેળવવા માટે પ્રયત્ન કરવા લાગ્યા. આ કાર્યમાં કેટલીક વ્યક્તિઓએ સ્વૈચ્છિક મદદ કરી તેમના ગ્રંથસંગ્રહો લોકોના ઉપયોગ માટે ખુલ્લા મુકાયા.

ખાસ કરીને આ સમયમાં ગ્રંથાલયોની સ્થાપનામાં ચીનનો મહત્વનો ફાળો રહેલ છે. જેમણે સર્વ પ્રથમ કાગળનો આવિષ્કાર કર્યો. જ્યારે 1440 ગુટનબર્ગ દ્વારા આધુનિક મુદ્રણ કળાનો આવીષ્કાર કરવામાં આવ્યો. આમ કાગળ પર મુદ્રણ વ્યવસ્થાનો ઉપયોગ કરવાથી વધુને વધુ માત્રામાં પુસ્તકો તૈયાર થવા લાગ્યા. જ્ઞાન મેળવવા કે આપવા માટે પુસ્તકો ઉપરાંત

અન્ય વાંચન સામગ્રી જેમકે ચોપાનિયા, સામયિકો, પ્રામાવિકો, નકશાઓ, સંદર્ભગ્રંથો ખુબજ જરૂરી ગણવા લાગ્યા.

ઇ.સ. 1150 તથા 1395ના સમયમાં મધ્ય કર્ણાટક રાજ્યમાં એક માત્ર કેન્દ્ર મિથિલા ગ્રંથાલય જ હતું. જ્યારે 1206 થી 1526માં દિલ્હીના સમ્રાટોએ ગ્રંથાલય તરફ વિશેષ ધ્યાન આપેલ. અલાઉદ્દિન ખીલજી એ કલકત્તામાં ઈમ્પિરિયલ ગ્રંથાલયની સ્થાપના કરેલ. અરબી અને ફારસીના અનેક વિદ્વાનો ને આ સમયે સાહિત્યના કાર્યમાં વ્યસ્ત કરવામાં આવ્યા. દિલ્હી રાજવી મોહમદ તુગલક કલા અને વિજ્ઞાન પ્રેમી હતો જેમનું એક ગ્રંથાલય તેમજ ગાજી ખાનનું ગાજી ગ્રંથાલય આ સમયમાં હતું. જ્યારે મુગલ બાદશાહ બાબરે પોતાના રાજ્યમાં પ્રાથમિક મદરેસામાં ગ્રંથાલય સ્થાપિત કરવાના આદેશ આપેલ, તેનો પુત્ર હુમાયુ એ પણ આગ્રાના કિલ્લામાં ખાન-ઇ-બિલ્સ ભવનના અડધા ભાગમાં ગ્રંથાલય, અકબર જે ગ્રંથાલય પ્રેમી હતો તેના રાજ્યમાં નવરત્ન હતા. જ્યારે જહાંગીર, શાહજહાં અને બહાદુરશાહ ઝફર પણ ગ્રંથાલય સાથે જોડાયેલ હતા.

મધ્યકાલિન સમયમાં મહમુદગંવા, અકબર મહાન, સરસ્વતિ મહેલ અને જયપુરના ગ્રંથાલયો મુખ્ય રૂપે છે.

ભારત – વર્તમાન સમય : (**India – Present Period**)

ભારતિય ગ્રંથાલય પ્રવૃત્તિના આ સમયમાં સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલા અને સ્વતંત્રતા પ્રાપ્તિ પછીના સમયને આવરી લેવામાં આવેલ છે. આમ આ બન્ને વિશે અલગ અલગ માહિતી મેળવીએ.

સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલાનો સમય : (**Before Independence Period**)

ભારતમાં કલકત્તામાં એક સાર્વજનિક ગ્રંથાલયની સ્થાપના પહેલાના સમયમાં કરવામાં આવેલ જ હતી. ઇ.સ. ૧૯૦૦માં આ ગ્રંથાલયના અધ્યયન વિભાગના દ્વારો સાર્વજનિક જનતા માટે ખોલી દેવામાં આવેલ અને ઇ.સ. ૧૯૦૩માં તેને ઈમ્પિરિયલ ગ્રંથાલયની સાથે જોડી દેવામાં આવેલ જે આજે ભારતમાં રાષ્ટ્રીય ગ્રંથાલયના **રૂપમાં કાર્ય કરી રહેલ છે.**

**20મી શતાબ્દીના પ્રારંભમાં બ્રિટિશ શાસનકાળમાં ભારત અનેક પ્રાંત અને દેશી રિયાસતોમાં વિભાજીત હતું. આ સમયમાં બરોડા રાજ્યના શાસક સિયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ પ્રજાની સામાજિક શિક્ષણની જવાબદારી પુરી કરવા ઇ.સ. ૧૯૧૦માં ગ્રંથાલય માટે સ્વતંત્ર વિભાગ રચેલ અને તેના વિકાસ માટે અમેરિકન ગ્રંથપાલ** W. A. Bordan **ને આમંત્રિત કરેલ, તેમની સલાહ સુચના અનુસાર જ પ્રજાની ગ્રંથાલય જરૂરિયાત પૂર્ણ કરવા બરોડા શહેરમા એક કેન્દ્રીય ગ્રંથાલય તેમજ પ્રત્યેક જીલ્લામાં એક જીલ્લા ગ્રંથાલય અને નગર ગ્રંથાલયોની સ્થાપના કરવામાં આવી.** W. A. Bordan **દ્વારા જ ગ્રંથાલય કર્મચારીઓ માટે પ્રશિક્ષણનો પણ પ્રારંભ કરવામાં આવ્યો. આમ, સ્વતંત્રતા પહેલા જ ૧૯૪૭ સુધીમાં બરોડા રાજ્યમાં ૧૫૦૦ જેટલા ગ્રંથાલયો અલગ અલગ સ્તરો પર ખોલી નાખવામાં આવેલ.**

**ઇ.સ. ૧૯૧૨માં પંજાબ યુનિવર્સિટી દ્વારા પણ એક અમેરીકન ગ્રંથપાલ ડિકિન્સન ને યુનિવર્સિટી ગ્રંથાલયની વ્યવસ્થા સુધારવા બોલાવવામાં આવેલ. જેમણે ગ્રંથાલય વ્યવસ્થા સુધારવા માટે અનેક સલાહ સુચનો અને પંજાબમાં ગ્રંથાલય પ્રશિક્ષણ શરૂ કરાવેલ.**

બંગાળમાં મનીંદ્ર દેવ રાય એ બંગાળ ગ્રંથાલય સંઘની સ્થાપના કરી તથા બંગાળ રાજ્યમાં ગ્રંથાલય અધિનિયમ (ધારો) પસાર કરવા માટે અનેક પ્રયત્ન કરેલ. જ્યારે ઇ.સ. ૧૯૧૪માં આંધ્રપ્રદેશ રાજ્યમાં ગ્રંથાલય સંઘની સ્થાપના કરવામાં આવેલ. રાષ્ટ્રીય ગ્રંથાલય કલકત્તાના પ્રથમ ગ્રંથપાલ અસદુલ્લાહએ ભારતીય ગ્રંથાલય સંઘની સ્થાપના માટે કરેલા પ્રયત્નો પણ ઉલ્લેખનીય છે અને આ ILA એ ભારતમાં ગ્રંથાલયોને સામાજિક સ્તર પુરુ પાડવામાં મહત્વરૂપ ફાળો આપેલ છે.

**સ્વતંત્રતા પ્રાપ્તિ પછીનો સમય** : (After Independence Period)

સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલાના સમયમાં મુખ્યત્વે Indian Office Library, National Library Calcutta, Central Library, Khudabaksh Orient Public Library મુખ્યરૂપે છે. જ્યારે સ્વતંત્રતા પ્રાપ્તિ પછીના ગ્રંથાલયના સંદર્ભમાં વાત કરીએ તો ૧૫ ઓગષ્ટ, ૧૯૪૭ના રોજ ભારત ૨૦૦ વર્ષની ગુલામી માંથી આઝાદ થયેલ. સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ ઇ.સ. ૧૯૪૮માં કલકત્તામાં રહેલ ઈમ્પિરિયલ લાયબ્રેરીને ભારતીય રાષ્ટ્રીય ગ્રંથાલય જાહેર કરવામાં આવવાની અને ૧૯૫૪માં The Delivery of Books Act પસાર કરવાનો હતો. જેના દ્વારા દરેક પ્રકાશિત પ્રત્યેક પુસ્તકની 3 નકલ રાષ્ટ્રીય ગ્રંથાલય કલકત્તાને મોકલવી ફરજીયાત બનેલ.

સ્વતંત્રતા પ્રાપ્તિ પછીનો સમય પંચવર્ષિય યોજનાનો છે અને ગ્રંથાલય પ્રવૃત્તિમાં આ ગાળાને ધ્યાનમાં રાખવામાં આવેલે. ઇ.સ. ૧૯૫૭માં K.P. Sinha ના પ્રમુખ સ્થાને ગ્રંથાલય સલાહકાર સમિતી (Library Advisory Committee) નીમેલ હતી. જેમાં ગ્રંથાલયનું માળખું, વ્યવસ્થા, ગ્રંથાલયધારો, કર્મચારીઓને તાલિમ વગેરેનો સમાવેશ કરેલ હતો. મુખ્યત્વે અમુક પંચવર્ષિય યોજનાની માહિતી મેળવીએતો.

**પ્રથમ પંચવર્ષિય યોજના (1951 થી 1956)**

આ સમયગાળા દરમિયાન ૧૯૫૨માં કોમ્યુનીટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ, ૧૯૫૪માં The Delivery of Books Act પસાર થયેલ. તેમજ ૯ રાજ્યોમાં કેન્દ્રિય ગ્રંથાલય, ૯૬ જીલ્લા ગ્રંથાલય માટે ૮૮, ૯૧, ૪૯૯ રૂપિયા મંજુર કરેલ.

**બીજી પંચવર્ષિય યોજના (1956 થી 1961)**

આ સમયગાળા દરમિયાન ભારત સરકારે રાજ્યોના ગ્રંથાલયોના વિકાસ માટે રૂ. ૧૪૦ લાખ ફાળવેલા હતા. અન્ય ૧૦ લાખ રૂપિયા ગ્રંથપાલોને તાલિમ આપવા માટે UNESCO ના સહકારથી દિલ્હી વિશ્વવિદ્યાલયમાં "Central Institute For Library Training" સ્થાપવા માટે આપ્યા. આ પંચવર્ષિય યોજનામાં ૩૨૦ જિલ્લાઓમાં ગ્રંથાલય સેવાનો પ્રારંભ કરવાનું લક્ષ્ય હતું.

**ત્રીજી પંચવર્ષિય યોજના (1961 થી 1966)**

આ સમયગાળામાં ખાસ કરીને ચોથી યોજના પર વિચાર કરવા એક Working Group નું નિર્માણ કરવામાં આવેલ. જેના અધ્યક્ષ V.K.R.V. Rao હતાં. જેમાં સાર્વજનિક ગ્રંથાલયો પર વાર્ષિક ૨૨ કરોડ રૂપિયા ખર્ચ જણાવેલ. તેમજ ડૉ. રંગનાથને સમગ્ર દેશમાં ગ્રંથાલય નેટવર્ક સ્થાપિત કરવા પ્રસ્તાવ મુકેલ.

**ચોથી પંચવર્ષિય યોજન (1966-1971)**

આ સમયગાળામાં ૨૯ કરોડ રૂપિયા સાર્વજનિક ગ્રંથાલય પાછળ ખર્ચવામાં આવેલ. સાથો સાથ B.S. Keswan ની ગ્રંથાલય સલાહકાર તરીકે નિમણુંક કરવામાં આવેલ.

**પાંચમી અને છઠ્ઠી પંચવર્ષિય યોજન (1971 થી 1980)**

આ સમયગાળામાં Working Group ની કાર્યવાહી અટકાવી દેવામાં આવેલ. જો કે કેટલાક સંગઠનો દ્વારા ગ્રંથાલયના વિકાસ મટે વિભાગીય આયોજન કરવામાં આવેલ.

**સાતમી પંચવર્ષિય યોજના (1985 થી 1990)**

આ સમયગાળામાં ગ્રંથાલયોની જુદી-જુદી બાબતોના વિકાસ માટે કુલ રૂ. ૯૯૬ કરોડ ફાળવવામાં આવ્યા.

**આઠમી પંચવર્ષિય યોજના (1990-1995)**

ગ્રંથાલયના સંદર્ભમાં તમામ ક્ષેત્રોમાં રાષ્ટ્રીય નીતિના વિકાસ માટે રૂપિયા ફાળવવામાં આવેલ, તેમજ રાષ્ટ્રિય પંચની નિમણૂંક કરવા પર ભાર મુકેલ.

**નવમી પંચવર્ષિય યોજના (1997-2002)**

આ પંચવર્ષિય યોજનામાં વિષયલક્ષી રજુઆત એટલે કે બધાજ રાજ્યોમાં ગ્રંથાલયધારો, ગ્રંથાલયોનું આધુનિકીકરણ, નેટવર્ક, રાષ્ટ્રિય ડેટાબેઝ, I.T. નો અમલ, ગ્રંથાલય અને માહિતી સેવાઓ માટે બ્યુરોની સ્થાપના વગેરે બાબતો રજુ કરેલ.

**વર્તમાન પરિસ્થિતિ અને માર્ગદર્શન :** (Present Situation and Suggestion)

અત્યાર સુધીમાં અમલમાં આવેલી યોજનાઓ અને કાર્યક્રમો એ દેશમાં ગ્રંથાલય સેવાનો પાયો નાખવામાં મદદ કરી તેમજ વિવિધ સમિતિઓ એ તે પછીના પગલા ને ઉત્તેજન આપ્યુ છે. આમ છતાં અત્યાર સુધીમાં ગ્રંથાલય વિકાસની માત્રા ઘણી વધારે હોવી જોઇતી હતી. કેન્દ્ર સરકારના અધિકાર ક્ષેત્રમાં આવતા ગ્રંથાલયોની સ્થિતિ સારી છે. જ્યારે રાજ્ય સરકારની દેખરેખ હેઠળના ગ્રંથાલયો સ્ત્રોતસામગ્રીના અભાવથી પીડિત છે. ગ્રંથાલયની ધીમી પ્રગતિ માટે મુખ્યત્વે,

- ❖ બ્રિટિશ શાસનમાં ગ્રંથાલય સેવા તરફ દુર્લક્ષ.
- ❖ આઝાદી પછીના સમયગાળામાં સ્ત્રોત સામગ્રીની ખેંચ.
- ❖ ગ્રંથાલય વિકાસ માટે માત્ર સરકાર ઉપર આધાર રાખવો.

જેવા પરિબળો જવાબદાર હતાં. આ બાબતોને ધ્યાનમાં રાખતા કહી શકાય કે ગ્રંથાલયોને કમ્પ્યુટર નેટવર્ક પદ્ધતીથી જોડવા, વધુ સારી સગવડો, વાતાવરણ તેમજ ગ્રંથાલય કર્મચારીઓનું જ્ઞાન અને કૌશલ્યનું ધોરણ ઉચું લાવીને ગ્રંથાલય સેવાની ગુણવત્તા વધારવી જોઇએ, જો કે આ અંગે જાગૃતિ વધી છે. માત્ર પાછલા વર્ષોની સરખામણીમાં ગ્રંથાલય વિકાસની પ્રવૃત્તિને ઝડપી વેગ આપવો જોઇએ.

**સમીક્ષા** : (Conclusion)

દેશની સમગ્ર જનતાને ગ્રંથાલય સેવા પૂરી પાડવા માટે રાષ્ટ્રીય ગ્રંથાલય નીતિ જરૂરી બને છે. ગ્રંથાલય અને માહિતી સેવાના વિકાસ માટે પંચવર્ષિય યોજના ખુબજ પ્રયત્નશીલ રહી છે. નવમી પંચવર્ષિય યોજનામાં આ માટે જોગવાઈ કરવામાં આવેલ હતી અને આવી જોગવાઈ

થતી રહે અને તેનો અમલ થાયતો જરૂર ગ્રંથાલય વિકાસ સફળ થાય એમ કહેવામાં અતિશ્યોક્તી નથી.

**સંદર્ભ : (References)**


- Kumar, Krishan (2010). Library organization. New Delhi: Vikas Publishing House Pvt. Ltd.
- Kumar, P.S.G. (2012). Foundations of Library and Information Science. Delhi: B.R. Publishing Corporation.
- Satyanarayana, N.R. (2003). A Manual of Library Automation and Networking. Lucknow: New Royal Book Co.
- Tripathi, S.K.M., Lal, C. and Kumar, K. (2014). Granthalay evam Samaj. New Delhi: Ess Ess Publications.
- Sinh, Ajit (2012). Granthalayo Ka Itihaash tatha Vikas. Delhi: Aarya Publications.
- Sharma Pandey S. K. (1992). Libraries and Society. New Delhi: Ess Ess publications.
- Khanna, J. K. (1987). Library and Society. Kurukshetra: Research Publications.
- Kumar, Krishan (2004). Library Administration and Management. New Delhi: Vikas Publishing House Pvt. Ltd.
- Dhiman. Anil K. and Rani, yashoda (2005). Learn Library and society. New Delhi: Ess Ess Publications.
- Wikipedia (N.D), Library
  Retrieved from http://en.wikipedia.org/wiki/library
- Wikipedia (N.D), History of Library
  Retrieved from https://en.wikipedia.org/wiki/History_of_libraries
- Libraries of Ancient India
  Retrieved from http://www.lisbdnet.com/libraries-ancient-india/
- Modern Library
  Retrieved from Annals of Library Science and Documentation 1992, 39(3), 89-93